ગુણોત્સવ - ૬ મૂલ્યાંકન

પ્રથમ સત્ર ધોરણ - 6 / Class-6

1 આ પુસ્તક ખૂબ જ _____ છે, એટલે તેને મેળવવું ખૂબ જ અઘરુ છે.
(A) સુગમ (B) દુર્ગમ (C) દુર્લભ (D) સુલભ

2 'પાદર' એકમમાં લેખક ગામમાં છેલ્લો વિસામો કોને ગણે છે?
(A) મંદિર (B) વૃદ્ધાશ્રમ (C) ખેતર (D) સ્મશાન

3 નીચેનામાંથી ભાવવાચક સંજ્ઞા શોધો.
(A) પહાડ (B) શાળા (C) ખુશી (D) લોખંડ

4 'ઝિલ્લ' એકમમાં 'બોલ, મારે ત્યાં કામ કરીશ?' આ વાક્ય કોણ બોલે છે?
(A) યુવક (B) કુડાનદાર (C) સ્ત્રી (D) શિલ્પી

5 'એ...ઈ' કહળસંગભાઈ ! ઘડી સાત બળદિયાને તાણીને ઝાલોને' - આ વાક્યમાં કયા વિરામચિહ્નનો ઉપયોગ થયો છે?
(A) અવતરણ ચિહ્ન (B) પ્રશ્નાર્થ ચિહ્ન (C) અર્ધવિરામ ચિહ્ન (D) ગુરુવિરામ ચિહ્ન

6 આનર્ત શાનો દેશ ગણાય છે?
(A) ભવાઈ (B) ગરબા (C) લોકગીત (D) નૃત્ય

7 'હોંશિયાર મીનાક્ષી ઝડપથી વાંચે છે.' - વાક્યમાં ક્રિયા વિશેષણ પદ કયું છે ?
(A) ઝડપથી (B) હોંશિયાર (C) મીનાક્ષી (D) વાંચે છે

8 નીચેનામાંથી કયો શબ્દ અલગ પડે છે ?
(A) લોકકથા (B) લોકગીત (C) લોકવાર્તા (D) લોકશાહી

9 'પગલે-પગલે' એકમમાં કવિ ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું કહે છે ?
(A) પ્રેમાળતા પ્રગટાવીને (B) સ્વાર્થ સામે ન જોઈને (C) ધૈર્ય ધરીને (D) અંતરને અજવાળીને

10 આ મૂર્તિમાં મને તો નુકસાન દેખાતું નથી. - આ વાક્યમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ જણાવો.
(A) ફાયદો (B) નકામું (C) નવીન (D) ખોટ

11 લેખક કોને ગામનો ''જીવતો જાગતો ચોપડો'' કહે છે ?
(A) તળાવને (B) પુસ્તકાલયને (C) ગોંદરાને (D) વડલાને

12 રવિશંકર મહારાજને લોકો મૂકસેવક કહે છે. - રેખાંકિત શબ્દ સંજ્ઞાનો કયો પ્રકાર છે ?
(A) જાતિવાચક (B) વ્યક્તિવાચક (C) દ્રવ્યવાચક (D) સમૂહવાચક

13 સ્વ-મૂલ્યાંકન એટલે શું ?
(A) જાત તપાસ (B) સ્વાધ્યાય (C) મૂલ્ય સ્થાપન (D) સ્વાર્થ

14 'અલ્યા, મેલાના કાગળ કોની પાહે લખાવ્યા'તા' - આ વાક્યના અંતે કયું વિરામચિહ્ન મૂકાશે ?
(A) ! (B) ? (C) . (D) ;

15 'હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના;
..... કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.
(A) શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.
(B) ખાંડાની ધારે ને ધારે, પંથ તારો કાપ્યે જા.
(C) અંતરને અજવાળી વીરા, પંથ તારો કાપ્યે જા.
(D) પગલે પગલે સાવધ રહીને, પ્રેમાળતા પ્રગટાવ્યે જા

16 નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?

(A) સઉરાષ્ટ્ર (B) સૌરાસ્ટ્ર (C) સૌરાષ્ટ્ર (D) સૌરાજ્ત

17 'ઊજળું દૂધ જેવું' આ શબ્દ પ્રયોગને ધ્યાનમાં લઈ 'મીઠુ..... જેવું ?

(A) સાકર (B) ગોળ (C) મધ (D) ખાંડ

18 'મહેનતની મોસમ' કાવ્યનો પ્રકાર જણાવો.

(A) લોકગીત (B) પ્રકૃતિગીત (C) ભજન (D) પ્રાર્થના

19 શર એટલે બાણ તો સર એટલે .....

(A) સાહેબ (B) સાચું (C) સરોવર (D) સહેલું

20 'સાંજના ભોજન' ને શું કહેવાય ?

(A) વાળુ (B) શિરામણ (C) નાસ્તો (D) જમણ

21 રેશ્માબેન એક ડાઈનીંગ ટેબલ ₹ 6000 માં ખરીદે છે. તે ₹ 6360 માં વહેંચી દે છે. તો તેને નફો થાય કે ખોટ? કેટલા ટકા ?

(A) નફો ₹ 6% (B) ખોટ ₹ 6% (C) નફો ₹ 360 (D) ખોટ ₹ 360

22 એક શાળામાં ધોરણ 5, 6, 7, 8 ના વિદ્યાર્થીઓની હાજરી મહિનાની નીચેનાં આલેખ મુજબ છે. તેના આધારે આપેલ પ્રશ્નના જવાબ આપો.



સૌથી વધારે હાજરી તથા સૌથી ઓછી હાજરી ક્યા ધોરણની છે?

(A) ધો-5, ધો-6 (B) ધો-5, ધો-8 (C) ધો-5, ધો-6 (D) ધો-8, ધો-5

23 નીચેના પુનરાવર્તીત ગુણાકારનું ઘાત સ્વરૂપ શોધો.

$7 \times 7 \times 6 \times 4 \times 4 \times 4 \times 4$

(A) $7^2 \times 6^1 \times 4^4$ (B) $2^7 \times 6^1 \times 4^4$ (C) $2^7 \times 1^6 \times 4^4$ (D) 75264

24 એક ચોરસની લંબાઈ ℓ સેમી હોય તો ચોરસની પરિમિતિ કેટલી થાય ?

(A) $\ell \times \ell$ સેમી^{2} (B) $\ell + \ell$ સેમી (C) 4ℓ સેમી (D) 4ℓ

25 નીચેના ઘાત સ્વરૂપના આધાર અને ઘાતાંક દર્શાવો.

4^3

(A) આધાર 3 ઘાતાંક 4 (B) આધાર 4 ઘાતાંક 3 (C) આધાર 27 ઘાતાંક 64 (D) આધાર 64 ઘાતાંક 27

26 15 સેમી લંબાઈ અને 10 સેમી પહોળાઈવાળા લંબચોરસની પરિમિતિ શોધો.

(A) 50 સેમી (B) 150 સેમી (C) 25 સેમી (D) 50 સે.

27 નીચેના ઘાત સ્વરૂપની કિંમત શોધો

0^{100}

(A) 0 (B) 100 (C) 10^2 (D) 10^0

28 એક ચોરસ મેદાનની લંબાઈ 13 મીટર છે. તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 52 મીટર (B) 169 ચો મીટર (C) 169 મીટર (D) 52 ચો મીટર

29 નીચેના ઘાત સ્વરૂપની કિંમત શોધો

$11^2 \times 9^2$

(A) 121 (B) 81 (C) 9801 (D) 980

30 એક પુસ્તકાલય 15 મીટર લાંબુ તથા 12 મીટર પહોળુ છે. તો તેનું ક્ષેત્રફળ શોધો.

(A) 27 ચો મીટર (B) 180 ચો મીટર (C) 180 મીટર (D) 27 મીટર

31 નીચે આપેલા પદોમાં ત્રિપદી શોધો.

$9x^2 + 5,\quad x + y,\quad x^2 + y^2 + 3,\quad 6xy,\quad 5c, 8 + b,\quad 2x^2 + 3y + z$

(A) $x + y$
(B) $x^2 + y^2 + 3,\ 2x^2 + 3y + 2$
(C) $6xy$
(D) $9x^2 + 5$

32 એક મેદાનની લંબાઈ 35 મીટર અને પહોલાઈ 12 મીટર છે તો, 1 ચો. મી. ના ₹ 20 લેખે માટી નખાવવાનો ખર્ચ શોધો.

(A) ₹ 8400 (B) ₹ 420 (C) ₹ 84 (D) ₹ 8200

33 જો $x = 3$ અને $y = 0$ હોય તો $x^2 + 2xy + y^2$ ની કિંમત શોધો.

(A) 0 (B) 15 (C) 9 (D) 3

34



અહી દોરેલ આકૃતિમાં E આકાર તથા S આકારમાં રોકાયેલા ખાનાની ટકાવારી શોધો.

(A) 10% , 8% (B) 10% , 9% (C) 12% , 9% (D) 12%, 8%

35 લંબરેખાઓ પરસ્પર છેદે તે બિંદુએ ખૂણો કેટલા માપનો હોય છે ?

(A) 90° (B) 50° (C) 60° (D) 180°

36 ઐશ્વર્યા પાસે ₹ 2000 છે. તેમાંથી ₹ 600 ની ખરીદી કરે છે. તો ઐશ્વર્યાએ કેટલા ટકા ખરીદી કરી ?

(A) 30% (B) 600% (C) 20% (D) 30

37 જો $\overleftrightarrow{AB}$ અને $\overleftrightarrow{CD}$ પરસ્પર લંબ હોય તો તેને સંકેતમાં દર્શાવો.

(A) $\overleftrightarrow{AB} \perp \overleftrightarrow{CD}$ (B) $\overleftrightarrow{AB} / \overleftrightarrow{CD}$ (C) $\overleftrightarrow{AB} // \overleftrightarrow{CD}$ (D) $\overleftrightarrow{AB} \top \overleftrightarrow{CD}$

38 એક પરીક્ષામાં 600 વિદ્યાર્થીઓ બેઠા હતા. તેમાંથી 40% વિદ્યાર્થીઓ પાસ થયા. તો તેમાંથી કેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા ?

(A) 360 (B) 240 (C) 250 (D) 560

39 નીચે દર્શાવેલ આકૃતિમાં $\overleftrightarrow{AB}$ આપેલી છે. તેની બહાર C બિંદુ આવેલ છે. બિંદુ C માંથી પસાર થતી $\overleftrightarrow{AB}$ ને લંબ હોય તેવી $\overleftrightarrow{CD}$ દોરીએ તો નીચે પૈકી કઈ આકૃતિ બનશે ?



(A) (B) (C) (D)

40 એક સાયકલની મૂળ કિંમત ₹ 3000 છે. તે ₹ 1500 માં વેચી દેવામાં આવે તો નફો થાય કે ખોટ ? કેટલા રૂપિયા ?

(A) ખોટ ₹ 1500 (B) ખોટ ₹ 3000 (C) નફો ₹ 1500 (D) નફો ₹ 3000

41 विरुद्धार्थी शब्द की कौन-सी जोड़ सही नहीं है ?

(A) उजाला - प्रकाश (B) दुर्गंध - सुगंध (C) कठिन - सरल (D) आशा - निराशा

42 ह् + ऋ मिलकर कौन-सा संयुक्त वर्ण बनता है ?

(A) र्ह (B) ह्र (C) ह्र (D) ह्र

43 वचन परिवर्तन की गलत जोड़ पहचानिए।

(A) कविता - कविताएँ (B) चिडिया - चिडियाँ (C) केला - केले (D) दवाई - दवाएँ

44 सही वाक्य चुनिए ।

(A) रागिणी ने गाने की कसरत की ।
(B) रागिणी ने गाने का अभ्यास किया ।
(C) रागिणीने गानेका अभ्यास किया ।
(D) रागिणी ने गाने की अभ्यास की ।

45 व्यक्तिवाचक संज्ञा चुनिए।

(A) पुस्तक (B) श्रेयांश (C) दूध (D) अच्छाई

46 सही जोड़ पहचानिए ।

(A) ९१ - इक्यावन (B) ९१ - इक्यानबे (C) ७१ - इक्यासी (D) ५१ - इकसठ

47 जिस वाक्य में विशेषण का प्रयोग न हुआ हो ऐसा वाक्य चुनिए।

(A) पूजा के पास एक सुंदर पुष्प है।
(B) गांधी जी ने अहिंसा द्वारा मुल्क आज़ाद करवाया।
(C) नहेरू जी भारत के प्रथम प्रधानमंत्री थे।
(D) छात्रों को अध्यापक और अध्यापिका पढ़ाते हैं।

48 कौन-सा शब्द समान प्रासवाला नहीं है ?

(A) मानवता (B) मानव (C) महानता (D) सज्जनता

49 शब्दकोश के क्रम के मुताबिक दूसरे स्थान पर कौन-सा शब्द आएगा ?

(A) कक्षा (B) कंगन (C) कृषि (D) कोमल

50 'घर' शब्द का समानार्थी नहीं है ।

(A) गृह (B) भवन (C) सदन (D) महल

નીચે આપેલા ફકરાનાં આધારે તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ પસંદ કરો (પ્રશ્ન: 51 થી 53)

I am Nancy. My brother Darshil decorated our house for Diwali. He was at home. Today Darshil is not at home. He is in the hostel, My mother is preparing a cake. She prepared sweet dishes for Diwali. We received Diwali cards from friends and relatives. We also prepared Diwali cards.

51 Darshil is at _____ .

(A) Diwali (B) house (C) home (D) hostel

52 Who prepared sweet dishes?

(A) Nancy's mother (C) Darshil
(B) Nancy (D) friends and relatives

53 Darshil માટે નીચેનામાંથી કયું સાચું છે ?

(A) Darshil prepared sweet dishes. (C) Darshil did not like Diwali.
(B) Darshil decorated house for Diwali (D) Darshil is preparing a cake.

54 Is Vishal a doctor _____ ખાલી જગ્યામાં યોગ્ય વિરામ ચિહ્ન પસંદ કરી લખો.

(A) ! (B) . (C) , (D) ?

નીચે આપેલા ટેબલ પરથી તેની નીચે આપેલા પ્રશ્નોનાં સાચા જવાબ પસંદ કરો. (પ્રશ્ન નં. 55 અને 56)

No.	Name	Monday	Tuesday	Wednesday	Thursday	Friday	Saturday
1.	Ravi	P	P	P	P	A	P
2.	Keyur	A	P	P	P	P	P
3.	Mala	P	A	P	P	P	A
4.	Lata	P	P	A	P	P	A

55 Who was not present on Monday ?

(A) Lata (B) Mala (C) Ravi (D) Keyur

56 How many students were present on Friday?

(A) four (B) three (C) two (D) one

57 બસમાં તમારાથી કોઈને ધક્કો લાગી જાય ત્યારે શું કહેશો ?

(A) thank you (B) very good (C) good bye (D) very sorry

58 Ajay : Give me your sketch pen, Anand.
Anand : _____ , sorry!
Ajay : Ok, Give me your pencil.

(A) No sketch pen (B) Take it (C) Which sketch pen (D) Here it is

59 નીચેનામાંથી અલગ પડતો શબ્દ જણાવો.

(A) crow (B) parrot (C) cow (D) peacock

60 Yesterday _____ Tuesday.

(A) are (B) were (C) is (D) was

નીચેના ટેબલ પરથી તેની નીચે આપેલા પ્રશ્નોનો સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રશ્ન નં. 61 અને 62)

Name	Relation	Occupation
Mahesh	son	teacher
Reena	daughter	nurse
Ashokbhai	father	doctor
Ashaben	mother	designer

61 What is Ashokbhai ?

(A) father (B) doctor (C) teacher (D) designer

62 _____ is a designer.

(A) Mahesh (B) Ashaben (C) Reena (D) Ashokbhai

63 Circle માટે નીચેનામાંથી ક્યો આકાર યોગ્ય છે ?

(A) △ (B) ▭ (C) ○ (D) □

64 15 સંખ્યા માટેનો શબ્દ ઓળખો.

(A) fifteen (B) fifty (C) fifty one (D) fiftin

65 સરખો ધ્વનિ ઉચ્ચાર ધરાવતો શબ્દ વિકલ્પમાંથી પસંદ કરો.

food, mood, ...

(A) door (B) good (C) shoot (D) root

66 ભોજપત્રો બનાવવામાં ક્યા વૃક્ષની છાલનો ઉપયોગ કરવામાં આવતો હતો ?

(A) તાડ (B) વડ (C) ભૂર્જ (D) પાન્ડુ

67 નીચેનામાંથી પૃથ્વીના ક્યા ગોળામાં સમશીતોષ્ણ કટિબંધ રેખાંકિત છે ?

(A) 

(B)

(C) 

(D) 

68 ભારતનાં રૂપિયાના ચલણી સિક્કા પર શાની મુદ્રા હોય છે ?

(A) બે સિંહની (B) ત્રણ સિંહની (C) ચાર સિંહની (D) પાંચ સિંહની

69 મેહરગઢમાંથી મળેલી કબરમાં મૃતકની સાથે કોની દફનવિધિ કરવામાં આવી હતી ?

(A) બકરી (B) કૂતરો (C) મરઘી (D) બિલાડી

70 તમે ઉગતા સૂર્યને જોઈ રહ્યા છો. તો તમારી જમણી બાજુ કઈ દિશા હશે ?

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ

71 નીચેનામાંથી કોણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જમીન સીમાથી જુદા પાડે છે ?

(A) અરબ સાગર (B) કચ્છનો અખાત (C) ખંભાતનો અખાત (D) હિંદ મહાસાગર

72 આકૃતિનું અવલોકન કરી આપેલ પ્રશ્નનો ઉત્તર આપો.
શાળાથી દવાખાનું કઈ દિશામાં આવેલ છે ?



(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ

73 જો તમે સફેદ રણનાં પ્રવાસે છો, તો તમે ગુજરાતના ક્યા જિલ્લામાં છો ?
(A) મોરબી (B) કચ્છ (C) સાબરકાંઠા (D) અમરેલી

74 સમાજનું નાનામાં નાનું એકમ ક્યું છે ?
(A) ગામ (B) પાડોશ (C) શાળા (D) કુટુંબ

75 'રમઝાન ઈદ' એ ક્યા ધર્મના લોકોનો તહેવાર છે ?
(A) ઈસ્લામ (B) ખ્રિસ્તી (C) પારસી (D) બૌદ્ધ

76 બીજા દેશનો નાગરિક આપણા દેશનો નાગરિક કઈ રીતે બની શકે ?
(A) ભારતમાં ઓછામાં ઓછા બે વર્ષનો વસવાટ કર્યો હોવો જોઈએ.
(B) ભારતમાં ઓછામાં ઓછો ત્રણ વર્ષનો વસવાટ કર્યો હોવો જોઈએ.
(C) ભારતમાં ઓછામાં ઓછો ચાર વર્ષનો વસવાટ કર્યો હોવો જોઈએ.
(D) ભારતમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો વસવાટ કર્યો હોવો જોઈએ.

77 કચ્છ જિલ્લામાંથી મળી આવેલ સિંધુખીણની સંસ્કૃતિનું પ્રાચીન નગર ક્યું છે ?
(A) રંગપુર (B) રોઝડી (C) ધોળાવીરા (D) હડપ્પા

78 'અન્ન ઉપજાવનાર તબક્કો' આદિમાનવનાં ક્યા યુગમાં સમાવેશ થાય છે ?
(A) આદિ પાષાણ યુગ (B) મધ્ય પાષાણ યુગ (C) નૂતન પાષાણ યુગ (D) મધ્ય યુગ

79 સિંધુખીણની સંસ્કૃતિના પ્રાચીન નગરોની કઈ યોજનાનાં આધારે કહી શકાય કે, લોકોની સુખાકારી અને જાહેર આરોગ્યનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો ?
(A) મકાન યોજના (B) સ્નાનકુંડ (C) ભૂગર્ભ ગટર યોજના (D) પીવાના પાણીની યોજના

80 નીચે આપેલ વિકલ્પમાં ક્યો ખંડ નથી ?
(A) ઉત્તર અમેરિકા (B) દક્ષિણ અમેરિકા (C) આયરલેન્ડ (D) આફ્રિકા

81 ધાતુઓના ભંગારના ઢગલામાંથી લોખંડના પતરા ઓળખવા શાનો ઉપયોગ કરશો ?
(A) લોખંડનો સળિયો (B) નિકલનો સળિયો (C) કોબાલ્ટનો સળિયો (D) ચુંબક

82 બાજુની આકૃતિમાં ક્યા પ્રકારનો ચુંબક દર્શાવ્યો છે ?
(A) સોયાકાર (B) નળાકાર (C) ગજિયો (D) ડંડાકાર

83 પેન્સિલ છોલવા ક્યા પ્રકારના સાદા યંત્રનો ઉપયોગ કરશો ?
(A) ઉચ્ચાલન (B) ફાચર (C) ગરગડી (D) ઢાળ

84 નીચેનામાંથી કઈ વસ્તુ ચુંબકથી અપાકર્ષણ પામશે ?
(A) લોખંડનો સળિયો (B) તાંબાનો તાર (C) ચુંબક (D) નિકલનો તાર

85 ચંદ્રગ્રહણ માટે નીચેનામાંથી કઈ સ્થિતિ કારણભૂત છે ?
(A) ચંદ્ર-પૃથ્વી-સૂર્ય (B) પૃથ્વી-ચંદ્ર-સૂર્ય (C) ચંદ્ર-મંગળ-સૂર્ય (D) પૃથ્વી-સૂર્ય-ચંદ્ર

86 કયો પદાર્થ લાલ લિટમસપત્રને ભૂરો બનાવશે ?

(A) ચૂનાનું પાણી (B) લીંબુનો રસ (C) શુદ્ધ પાણી (D) ખાંડનું પાણી

87 'ઘણું મજબૂત પ્રકાંડ' - એ કયા પ્રકારની વનસ્પતિનું લક્ષણ છે ?

(A) છોડ (B) ક્ષુપ (C) વૃક્ષ (D) વેલા

88 કઈ વનસ્પતિના બીજનો ફેલાવો પાણી દ્વારા થાય છે ?

(A) આંબો (B) નાળિયેરી (C) બાવળ (D) વડ

89 

બાજુની આકૃતિમાં દર્શાવેલ પેન્સિલની લંબાઈ કેટલી છે ?

(A) 12 સેમી અને 9 મિલીમીટર (C) 13 સેમી અને 1 મિલીમીટર

(B) 13 સેમી અને 1 મીટર (D) 12 મીટર અને 1 સેમી

90 _____ ને ખોરાકની જરૂર નથી ?

(A) આંબાનું ઝાડ (B) ગાય (C) મનુષ્ય (D) ખુરશી

91 15 સેમી લંબાઈ અને 10 સેમી પહોળાઈવાળી લાદીના ક્ષેત્રફળનું માપ 150 _____ થાય.

(A) સેમી (B) $(\text{સેમી})^2$ (C) મીટર (D) $(\text{મીટર})^2$

92 'વનસ્પતિ પર સંગીતની અસર થાય છે.' - આ વિધાન સજીવનું કયું લક્ષણ ધરાવે છે ?

(A) શ્વસન કરવું (B) હલન-ચલન કરવું (C) સંવેદના અનુભવવી (D) ખોરાક લેવો

93 સમયના માપન માટે નીચેનામાંથી કયું સાધન સૌથી ઓછું ચોક્કસ છે ?

(A) જળઘડી (B) દીવાલ ઘડિયાળ (C) ડિજિટલ વૉચ (D) મોબાઈલમાંની ઘડિયાળ

94 જો પલાળેલા બીજને દબાવતા બે ફાડ ન થતી હોય તો તે બીજ કયું હશે ?

(A) મગ (B) વાલ (C) ચોખા (D) વટાણા

95 નીચેનામાંથી પાણીનો બચતનો ઉપાય કયો છે ?

(A) વાસણ સાફ કરતી વખતે પાણીનો નળ ખુલ્લો રાખવો

(B) વરસાદના પાણીને વહી જવા દેવું

(C) ઘરના કોઈપણ નળ ટપકતા ન હોય (લીકેજ ન હોય) તેની કાળજી રાખવી

(D) બ્રશ કરતી વખતે પાણીનો નળ ખુલ્લો રાખવો

96 ११:०० अर्थात् कः समयः ?

(A) द्वादशवादनम्। (B) नववादनम्। (C) एकादशवादनम्। (D) एकवादनम्।

97 નીચે આપેલ સંખ્યાને સંસ્કૃત શબ્દમાં લખો.

१३

(A) त्रयोदश (B) दश (C) नव (D) द्वादश

98 યોગ્ય વિકલ્પ પસંદ કરી ____ પૂરો.

खगः _____ वसति।

(A) आपणे (B) नीडे (C) जले (D) वृक्षे

99 अद्य शनिवासरः तर्हि श्वः कः वारसः ?

(A) गुरुवासरः (B) शुक्रवासरः (C) सोमवासरः (D) रविवासरः

100 एषा का ?

(A) लेखनी (B) पुनःपुरणी (C) अङ्कनी (D) कज्जलम्